દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
ગુરુવાર ૨૧ નવેમ્બર, ૨૦૨૪

યુક્રેનને બેલેસ્ટિક મિસાઈલના ઉપયોગની બાઈડનની છૂટ એ ટ્રમ્પ સાથેનો બદલો જ છે

અમેરિકામાં ભલે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પે જીત મેળવી પણ ટ્રમ્પને સત્તારૂઢ થવામાં ચાર માસનો સમય છે ત્યારે બાઈડેન દ્વારા નવા દાવો ખેલવાના શરૂ કરી દેવામાં આવ્યા છે. ટ્રમ્પ અને બાઈડેનની લડાઈમાં અમેરિકા આખી દુનિયાને ત્રીજા વિશ્વયુદ્ધમાં અને તે પણ પરમાણુ યુદ્ધમાં ધકેલી દે તેવી આશંકા ઊભી થવા માંડી છે. આખા વિશ્વમાં કરોડો લોકોના શ્વાસ અદ્ધર થઈ ગયા છે. બાઈડેનએ ટ્રમ્પના મિત્ર ગણાતા રશિયા અને પુતિનને પાઠ ભણાવવા માટે યુક્રેનને લાંબા અંતરના મિસાઈલના ઉપયોગની છૂટ આપી દીધી છે અને યુક્રેનએ પણ રશિયા પર મિસાઈલો છોડવાના શરૂ કરી દીધા છે. રશિયાએ પણ યુક્રેનને ઠેકાણે પાડી દેવા માટે પોતાની પરમાણુ પોલિસીમાં બદલાવ લાવી દીધો છે. યુક્રેનએ રશિયા સામે અને રશિયાએ યુક્રેન સામે શસ્ત્રો ગોઠવી દીધા છે. રશિયાની તૈયારીને કારણે પરમાણુ યુદ્ધ થાય તેવી સંભાવના વધારી દીધી છે. સાથે સાથે આ યુદ્ધ હવે એક અલગ જ લેવલે જાય તેવી શક્યતા પણ થઈ છે.

અમેરિકાએ તો સ્થિતિ સમજીને યુક્રેનમાં રહેલું પોતાનું દુતાવાસ પણ બંધ કરી દીધું છે. અમેરિકાએ યુક્રેનમાં રહેતા અમેરિકાના નાગરિકોને પણ સંભવિત હવાઈ હુમલા સામે સાવચેત રહેવા માટે એડવાઈઝરી જારી કરી દીધી છે. મંગળવારે રશિયાના રાષ્ટ્રપતિ પુતિને યુક્રેન દ્વારા કરવામાં આવેલા બેલેસ્ટિક મિસાઈલના હુમલાનો જવાબ પરમાણુ હુમલાથી કરાશે તેવી જાહેરાત કરી દીધી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ જેવી રીતે બેલેસ્ટિક મિસાઈલનો હુમલો કરીને મર્યાદા તોડી છે તેણે રશિયાને વધારે ઉશ્કેર્યું છે. યુક્રેન દ્વારા આ મિસાઈલનો ઉપયોગ અગાઉ સરહદ સુધી જ કરવામાં આવતો હતો પરંતુ હવે તેને લાંબા અંતર માટે છોડીને રશિયાનો ગુસ્સો વધારી દીધો છે. યુક્રેન અને રશિયા વચ્ચે વધેલી તંગદિલીને કારણે યુરોપિયન દેશો સાવચેત થઈ ગયા છે.

પરમાણુ યુદ્ધ થાય તેવી સંભાવનાને કારણે નોર્વે-ફિનલેન્ડ-ડેન્માર્ક સહિતના દેશોમાં લોકોએ ખાદ્યપદાર્થો અને અન્ય જરૂરી વસ્તુઓનો સંગ્રહ કરવાનું શરૂ કરી દીધું છે. બીજી તરફ રશિયામાં પણ પરમાણુ હુમલાથી બચવા માટે મોબાઈલ બંકર બનાવવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. રશિયા દ્વારા જે રીતે પરમાણુ યુદ્ધ

માટેની પોલિસી બદલવામાં આવી તેણે આખી દુનિયામાં પરમાણુ યુદ્ધનો ખતરો વધારી દીધો છે. યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધને 1000 દિવસ કરતાં પણ વધુ સમય થઈ ગયો છે. આ કારણે રશિયા ગમે ત્યારે રઘવાયું થાય તેવી સંભાવના છે. સ્વીડન દેશએ તો પોતાનો નાગરિકોને પેમ્ફલેટ મોકલવાનું શરૂ કરી દીધું છે. આ પેમ્ફલેટમાં કેવી રીતે હુમલાનો સામનો કરવો તેની વિગતો રજૂ કરાઈ છે. આ યુરોપિયન દેશોની સાથે સાથે વિશ્વના અન્ય દેશો પણ આગામી દિવસોમાં જોડાય જાય તેવી સંભાવના છે.

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધની સ્થિતિનો અમેરિકાના હાલના રાષ્ટ્રપતિ જો બાઈડન ઉપયોગ કરવા માંગે છે. બાઈડન એવું વિચારી રહ્યા છે કે યુક્રેન દ્વારા હુમલાઓ કરાવીને રશિયાને એટલી હદે ઉશ્કેરવું કે જેથી વિશ્વયુદ્ધ ફાટી નીકળે. આમાં અમેરિકાને પણ તકલીફ પડે તેમ છે પરંતુ ટ્રમ્પ હવે રાષ્ટ્રપતિ બનશે તો તે પહેલા એટલી ખાનાખરાબી સર્જી દેવી કે જેથી ટ્રમ્પને તેમાંથી બહાર નીકળવાનો મોકો મળે નહીં અને તમામ અપયશ ટ્રમ્પને મળે. બાઈડનને એ રીતે પણ બદલો લેવાનો મોકો મળે તેમ છે કે ટ્રમ્પ પુતિનના મિત્ર છે અને જો રશિયાને તકલીફો પડે તો તેની જવાબદારી પુતિનની થઈ શકે છે. સરવાળે યુક્રેનને લાંબા અંતરની મિસાઈલોનો ઉપયોગ કરવાની સાથે રશિયા સાથે મોટું યુદ્ધ લડી લેવાની બાઈડન દ્વારા અપાતી પ્રેરણા બાઈડનનો ટ્રમ્પ મામલે માસ્ટર સ્ટ્રોક છે. ટ્રમ્પે એવી જાહેરાત કરી દીધી છે કે પોતે રાષ્ટ્રપતિ બનતા જ યુદ્ધ સમાપ્ત કરાવી દેશે પરંતુ બાઈડન એ લેવલે યુદ્ધને લઈ જશે કે પછી ટ્રમ્પ પાસે માત્ર યુદ્ધની ખાનાખરાબી ગણવા સિવાય કોઈ જ કામ નહીં રહે. બાઈડન અને ટ્રમ્પ વચ્ચેની રાજકીય લડાઈનો ભોગ આખા વિશ્વએ બનવું પડશે તે નક્કી છે.

કોઈનો ખેલ બગાડવા ઉપલબ્ધ છીએ, બોલો શું આપશો?

વાત પાછળની વાત

રમેશ ઓઝા

રાજ ઠાકરે મહારાષ્ટ્રના એક એવા નેતા છે જે માત્ર ચૂંટણી ટાણે સક્રિય થાય છે. અચાનક તેમની પાસે પૈસા આવી જાય છે, કાર્યકર્તા સક્રિય થઈ જાય છે, ઠેકઠેકાણે પોસ્ટરો અને બેનરો લાગી જાય છે, રેલીનું આયોજન થાય છે, ભીડ એકઠી કરી લેવામાં આવે છે, એને માટે સંસાધનો મળી જાય છે અને એ પછી લાંબી વિશ્રાંતિ. બીજી ચૂંટણી સુધીની. આવું જ વંચિત બહુજન અઘાડીના નેતા પ્રકાશ આંબેડકરનું. રાજ ઠાકરે બાળ ઠાકરેના ભત્રીજા છે અને પ્રકાશ આંબેડકર બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના પૌત્ર છે, પણ બંને રાજકારણ ચૂંટણીથી ચૂંટણીનું કરે છે. ચૂંટણી આવે ત્યારે સક્રિય થાય અને પછી ગાયબ.

એક તો ભારતમાં રાજકીય ક્ષેત્રમાં જાહેરજીવન ૩૬૫ દિવસ અને ચોવીસે કલાકનું છે. પશ્ચિમમાં આવું નથી. હિલેરી ક્લીન્ટન ચૂંટણી લડવા બહાર આવે અને પછી જો પરાજિત થાય તો પોતાના અંગત જીવનમાં પાછાં ફરે. લોકોને પોતાની સક્રિયતા અને સરોકાર બતાવવા માટે હોસ્પિટલમાં અકસ્માતનો ભોગ બનેલાંઓને જોવા માટે કે કોઈ શહીદની વિધવા પાસે સહાનુભૂતિ બતાવવા જવું પડતું નથી. ભારતમાં આવું બધું કરવું પડે. શરદ પવારનાં પુત્રી સુપ્રિયા સુલેએ હમણાં એક યુટ્યુબરને મુલાકાત આપતાં કહ્યું હતું કે જે દિવસે તેમનાં લગ્ન હતાં એ દિવસે શરદ પવાર આકસ્મિક રાજકીય સંકટ પેદા થતાં દિલ્હી જતા રહ્યા. પોતાની એકની એક દીકરીનાં લગ્નમાં ઉપસ્થિત નહોતા. લોકોના સુખે સુખી અને લોકોના દુઃખે દુઃખી એવો દેખાવ કરવો પડે.

પણ કેટલાક નેતાઓ એવા પણ હોય છે જે ઝાઝી મહેનત કરી શકતા નથી. કેટલાક નેતા એવા હોય છે જે કોઈ મોટા નેતાનાં સંતાન હોય છે, તેમના રાજકીય વારસ બનવાનું બીડું ઝડપે છે, મોટા ઉપાડે રાજકારણમાં પ્રવેશે છે, પણ પછી પોતાની જગ્યા બનાવી શકતા નથી. ચોવીસે કલાક ઉપલબ્ધ રહેવાનું અને લોકોની વચ્ચે રહેવાનું તેમને ફાવતું નથી. કેટલાક નેતા એવા હોય છે જે પોતાની નાનકડી રાજકીય વગ ઊભી કરે છે અને પછી તેને રોકડી કરે છે. કાઠિયાવાડમાં એવી રિયાસતો હતી, જેના રાજવી માત્ર દસ-વીસ ગામના ધણી હતા. મારી પાસે દસ હજાર વોટ છે બોલો શું આપશો? આવા હારેલા-થાકેલા નિષ્ફળ નીવડેલા, હતાશ થયેલા નેતાઓ ધીરે ધીરે વાસ્તવિકતા સાથે સમજૂતી કરી લે છે અને આજકાલની પરિભાષામાં વોટકટવા બની જાય છે. માયાવતી જેવા એક સમયે કાંશીરામનો ભવ્ય વારસો ધરાવનારા નેતા પણ પરિસ્થિતિ સાથે સમજૂતી કરીને આજે વોટકટવા બની ગયાં છે. કેવું પતન! એક માત્ર હૈદરાબાદ શહેરની બહાર કોઈ પ્રભાવ નહીં ધરાવતા અસદુદ્દીન ઓવૈસી પણ આવા એક વોટકટવા છે. તેમની વાતમાં આવી જઈને હજારેક મુસલમાનો તેના ઉમેદવારને મત આપે તો જેને ફાયદો કરાવવાનો હોય તેને ફાયદો થઈ જાય.

મહારાષ્ટ્રમાં રાજ ઠાકરે અને પ્રકાશ આંબેડકર આજે વોટકટવા બનીને રહી ગયા છે. એ બન્નેએ શરૂઆત ભવ્ય કરી હતી, પરંતુ પોતાની જગ્યા નહોતા બનાવી શક્યા અને જે થોડી બની એ ટકાવી ન શક્યા. અમે કોઈનો ખેલ બગાડવા ઉપલબ્ધ છીએ. બોલો શું આપશો? સંસદીય રાજકારણમાં અને એમાં પણ વિધાનસભાની ચૂંટણીમાં કોઈ પાંચ હજાર વોટ કાપી આપે તો પણ પરિણામ બદલાઈ જાય. નગરપાલિકાની ચૂંટણીમાં તો હજાર વોટ પણ જીતેલાને હરાવી દે. હવે તો આ પેટર્ન બની ગઈ છે અને કોઈ પણ તે જોઈ શકે છે. તેઓ ચૂંટણીથી ચૂંટણી દેખા દે છે, સક્રિય થાય છે અને ગાયબ થઈ જાય છે.

પહેલાં પણ વોટ કાપવાની રમત રમવામાં આવતી હતી, પરંતુ એ પક્ષીય સ્તરે નહોતી, વ્યક્તિગત સ્તરે હતી. જેમ કે કોઈ મતદાર ક્ષેત્રમાં કોઈ એક જ્ઞાતિના વોટ મોટા

કેટલાક નેતા એવા હોય છે જે પોતાની નાનકડી રાજકીય વગ ઊભી કરે છે અને પછી તેને રોકડી કરે છે. કાઠિયાવાડમાં એવી રિયાસતો હતી

પ્રમાણમાં હોય અને તે આપણી જગ્યાએ સામેના પક્ષના ઉમેદવારને જાય એવી સંભાવના નજરે પડતી હોય તો એ ખાસ જ્ઞાતિના વોટ કાપવા એ જ્ઞાતિના કોઈ અપક્ષ ઉમેદવારને ઊભા રાખવામાં આવતો. આવું દાયકાઓથી થતું આવ્યું છે. હવે એમાં પક્ષો ઉમેરાયા છે અને આ રીતે ભારતીય રાજકારણને ગંદકીમાં ગ્રેજ્યુએટ કરવાનું શ્રેય ભાજપને જાય છે. રાજ ઠાકરે મુખ્યત્વે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના મત કાપી આપે અને પ્રકાશ આંબેડકર તેમ જ ઓવૈસી કુલ મળીને ઇન્ડિયા ગઠબંધનના વોટ કાપી આપે. પાછા તેઓ પ્રચાર કરવામાં સૌથી વધુ ગાળો બીજેપીને જ આપે કે જેથી મતદાતાના મનમાં એવી છાપ પડે કે તે બીજેપી માટે કામ નથી કરતા.

એમાં આ વખતે રાજ ઠાકરે ખરાબ રીતે ફસાઈ ગયા છે. તેમણે માહિમ મતદાર ક્ષેત્રમાંથી પોતાના પુત્ર અમિત ઠાકરેને ઊભા રાખ્યા છે અને સામે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ તેમ જ એકનાથ શિંદેની શિવસેનાએ પોતાના ઉમેદવાર ઊભા રાખ્યા છે. તેમને એમ હતું કે ૨૦૧૯ની ચૂંટણીમાં તેમણે ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરે સામે પોતાના ઉમેદવારને ઊભા નહીં રાખીને જે રીતે કૌટુંબિક મર્યાદા પાળી હતી એ રીતે ઉદ્ધવ ઠાકરે આ વખતે અમિત ઠાકરે સામે ઉમેદવાર નહીં ઊભો રાખીને મર્યાદા પાળશે. પણ ઉદ્ધવ ઠાકરેએ તેમ કર્યું નહીં, કારણ કે આખું જગત જાણે છે કે રાજ ઠાકરે કોના માટે કામ કરે છે અને કોને નુકસાન પહોંચાડવા માટે કામ કરે છે. એકનાથ શિંદેને પણ જ્યારે રાજ ઠાકરેની વોટકટવા ભૂમિકાથી કોઈ ફાયદો થવાનો ન હોય, પણ થોડું નુકસાન જ થઈ શકે એમ હોય ત્યાં તે શા સારુ રહેમ બતાવે?

જો પુત્ર પરાજીત થાય તો નાક કપાય અને વોટકટવા તરીકેની કિંમતમાં ઘસારો થાય. જે પુત્રને જીતાડી શકતો નથી એ આપણને શું ફાયદો કરાવી આપશે એમ કહીને કિંમત ઘટાડવામાં આવે. એક ગંભીર રાજકારણી તરીકેની પ્રતિષ્ઠા તો ક્યારનીય ગુમાવી દીધી છે અને હવે વોટકટવા તરીકેનો ખપ પણ ગુમાવે. માટે પોતાનું રાજકારણ કરવું જોઈએ, બીજા માટેનું નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

મેચની છેલ્લી સીટી

શાળામાં ઇન્ટર સ્કૂલ હોકી મેચ મેદાનમાં ચાલી રહી હતી. બાળકોનાં માતા-પિતા મેચ જોવા આવ્યાં હતાં. મેચ શરૂ થઈ અને અડધે પહોંચી ત્યારે બીજાં થોડાં માતા-પિતા આવ્યાં હતાં. ટાઈમ થયો એટલે પાછળથી આવેલા પિતાએ પોતાના મેચ રમતા દીકરાને મેચનો સ્કોર પૂછ્યો,દીકરાએ કહ્યું, 'અમારી સ્કૂલ 3-0 થી પાછળ છે. સામેવાળી સ્કૂલની ટીમ જીતી રહી છે.'

છોકરાના પિતા બોલ્યા, 'અરે રે, ત્રણ ગોલ થઈ ગયા તો તો હવે બહુ પાછળ છો. હવે મેચ જીતી નહીં શકાય. હવે શું થશે તમે હારી જશો, તને તારી સ્કૂલ હારી જશે તેનું દુઃખ નથી?'છોકરાએ આશ્ચર્યથી પૂછ્યું, 'દુઃખ શું કામ? હજી તો મેચ ચાલુ છે અને રેફરીએ હજી મેચની છેલ્લી સીટી મારીને મેચ પૂરી થવાની ઘોષણા કરી નથી. અમે પૂરી તાકાતથી રમી રહ્યા છીએ અને મને વિશ્વાસ છે કે મારી ટીમ રમશે તો પછી જ્યાં સુધી મેચ પૂરી થવાનો સંકેત આપતી છેલ્લી સીટી ન વાગે ત્યાં સુધી હતાશ કે નિરાશ થવાનો તો સમય જ નથી કારણ કે હું તો મારી ટીમને ચિયર અપ કરીશ અને અમે છેલ્લી સીટી વાગે ત્યાં સુધી મહેનત કરીશું.'



છોકરાના પિતાને પોતાના જ બાળકના સકારાત્મક અભિગમ અને જુસ્સાને જોઈને બહુ નવાઈ લાગી. છોકરો હાફ ટાઈમમાં પપ્પાને મળવા આવ્યો હતો તે ફરી પાછો મેચ રમવા દોડી ગયો. મેચ આગળ રમાવા લાગી.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

હવે અહીં વાત મેચમાં હાર કે જીતની નથી કરવી પણ એક વિચાર છે કે જ્યાં સુધી મેચની છેલ્લી સીટી ના વાગે ત્યાં સુધી હતાશ કે નિરાશ થવું નહીં અને જુસ્સો જાળવી રાખવો. બાળકનો આ વિચાર કેટલો સરસ, કેટલો સુંદર અને બધાએ જ જીવનમાં વણી લેવા જેવો છે.

આપણું જીવન પણ એક હોકીની રમત જેવું છે, જ્યાં સુધી ઈશ્વર છેલ્લી સીટી નથી વગાડતો ત્યાં સુધી આપણે હારી જવાની કે હતાશ થવાની જરૂર નથી. સત્ય છે કે જ્યાં સુધી શ્વાસ ચાલે છે ત્યાં સુધી જીવન છે અને ત્યાં સુધી જીવનમાં કશું જ અશક્ય નથી. ક્યારેય બહુ મોડું થતું જ નથી. મેચમાં હાફ ટાઈમ થઈ ગયો હવે શું કરીશું? વિચારીને હતાશ ન થવાય પણ હાફ ટાઈમ બાકી છે. બાજી ફેરવી નાખીશું એવા જુસ્સા સાથે આગળ રમાય. જીવનમાં પણ આ જ જુસ્સો જાળવી રાખવો જોઈએ.જીવનની રમતના જાતે રેફરી બની જઈને હવે કંઈ જ નહીં કરી શકીએ તેમ વિચારી અધવચ્ચે સીટી વગાડો નહીં. જ્યાં સુધી છેલ્લી સીટી ન વાગે ત્યાં સુધી નિરાશ થયા વિના જીવનને મહેનત અને લગનથી શણગારતા રહો. આગળ વધતાં રહો.

પાડી એણે ચીસ 'બચાવો પાણી'લોક સૌ વિચારતું કે પાગલ છે શું?

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

પીવાનું પાણી, તેનો વિવેકપૂર્ણ ઉપયોગ, જળપ્રદૂષણ, જળસંચય વગેરે જેવા પાણી સાથે સંકળાયેલા મુદ્દા એવા છે કે અવારનવાર ચર્ચામાં આવતા રહે. હજી મોટા ભાગનાં લોકો માને છે કે જળસંચય કરવાનું કામ સરકારનું છે. એ સાચું કે મોટા પાયે જળસંચયનું કામ સરકાર કરી શકે. એનો અર્થ એવો નથી કે વ્યક્તિગત સ્તરે એ ન કરી શકાય. હજી પાણીનો વેડફાટ ઘટાડવાનું ખાસ કોઈને સૂઝતું નથી. ઘરોમાં પણ 'સરકારી'પાણી નિયત સમયે આવે ત્યારે જરૂર હોય કે ન હોય, નળને ખુલ્લા રાખીને પાણીને વહી જવા દેવામાં આવે છે. શું લોકોને એમ હશે કે પોતાની પાસે નાણાં છે એટલે પાણી ગમે એટલું મોંઘું થાય તોય પોતે ખરીદી શકશે?

નેધરલેન્ડ્સ દ્વારા 2022માં સ્થપાયેલા 'ગ્લોબલ કમિશન ઑન ધ ઈકોનોમિક્સ ઑફ વૉટર' દ્વારા ઑક્ટોબર, 2024ની મધ્યમાં એક અહેવાલ તૈયાર કરાયો છે, જેમાં કોઈ એકલદોકલ દેશ કે દેશસમૂહનાં નહીં, પણ વિશ્વભરનાં જળાશયોના વ્યવસ્થાપન બાબતે અગ્રણી વિજ્ઞાનીઓ અને નિષ્ણાતોએ મહત્ત્વની વાત નોંધી છે.

એ વિશે વાત કરતાં પહેલાં આ સંસ્થા પાણી અંગે કેટલાંક પાયાનાં તથ્યો જણાવે છે. એ અનુસાર પાણીનું વહન આપણી આસપાસ બહુ સંકુલ અને મોટા ભાગે અદૃશ્ય રીતે થાય છે. હવામાંથી નીચે પડવા દરમિયાન પાણી પૃથ્વી પરનાં તમામ જીવોને સાંકળે છે.

જમીન પરનાં તાજાં પાણી એટલે કે બિનસમુદ્રી પાણીને બે મુખ્ય ભાગમાં વિભાજીત કરવામાં આવે છેઃ બ્લૂ (ભૂરું) પાણી અને ગ્રીન (લીલું) પાણી. નદી, સરોવર અને જળાશયોમાંના પાણીને 'બ્લૂ'પાણી કહે છે, જ્યારે આપણા પગ નીચે એટલે કે જમીનના તળિયામાં, વનસ્પતિને વિકસાવવા માટે જે ભેજનો સંગ્રહ થાય છે તેને 'ગ્રીન'પાણી કહે છે. આ વનસ્પતિ વાતાવરણમાં 'ગ્રીન'બાષ્પને મુક્ત કરે છે. આમ, સાદી ભાષામાં કહીએ તો આપણને નજરે દેખાતું બિનસમુદ્રી જળ એટલે 'બ્લૂ'પાણી અને જમીનના તળિયે ભેજરૂપે સંઘરાયેલું અદૃશ્ય રહેતું પાણી એટલે 'ગ્રીન'પાણી. વનસ્પતિમાં વહન થતું 'ગ્રીન'પાણી અને જમીન, જળાશયો તથા સાગરમાંથી બાષ્પીભવન પામતું પાણી વરસાદ કે હીમરૂપે જમીન પર વરસે છે અને નદી, સરોવર તેમજ સમુદ્રમાં ઠલવાય છે. આ સમગ્ર ચક્ર એટલે જળવિજ્ઞાન ચક્ર, જે પૃથ્વી પર અવિરત ચાલતું

જળસંકટની, જળપ્રદૂષણની, જળજાળવણીની વાતો જોરશોરથી થાય છે, પણ એ દિશામાં નક્કર પગલાં ભરવાની રાજકીય ઉદાસીનતા ઊડીને આંખે વળગે એવી છે

રહે છે. 'ગ્રીન'પાણીની ગતિવિધિ વરસાદના ઉદ્ગમસ્થાન અને તેના વરસવાના સ્થાન વચ્ચે એક જાતનું જોડાણ બનાવે છે. વક્તા એ છે કે 'ગ્રીન'પાણીને મોટા ભાગના કિસ્સામાં નજરઅંદાજ કરવામાં આવે છે.

જળવિજ્ઞાન ચક્ર થકી પાણીના આંતરજોડાણનો અર્થ એટલો કે એક સ્થાને થઈ રહેલી વન-નાબૂદી, કૃષિ કે શહેરી ક્ષેત્રનું વિસ્તરણ બીજા સ્થાને વરસતા વરસાદને ખોરવી શકે. કેમ કે, જમીન પર વરસતા વરસાદમાંથી અડધોઅડધ વરસાદ 'ગ્રીન'પાણીને કારણે, એટલે કે પૃથ્વી પરની પર્યાવરણ પ્રણાલીઓને કારણે વરસે છે. હજી વિગતે સમજવું હોય તો કહી શકાય કે પાણી ભેજસ્વરૂપે લાંબું અંતર કાપે છે. તેને રાષ્ટ્રના કોઈ સીમાડા નડતા નથી. ખરા અર્થમાં તે લોકોને, રાષ્ટ્રોને કે પ્રદેશોને જોડે છે. અનેક નદીઓના તટપ્રદેશ, જળાશયોની જેમ વાતાવરણમાં રહેલો ભેજ સમુદ્રપાર, દેશપાર કે ખંડપાર પાણીનું વહન કરે છે.

ટૂંકમાં વાત એટલી કે જળપ્રણાલી કોઈ એકલદોકલ કે સીમિત વિસ્તાર પૂરતી મર્યાદિત નથી, પણ તે સમગ્ર વૈશ્વિક જળપ્રણાલીનો જ એક હિસ્સો છે. ફરી પાછા અહેવાલની વાત પર આવીએ તો તેમાં ચેતવણી અપાઈ છે કે જળ સંસાધનોનું વ્યવસ્થાપન વિવિધ દેશો દ્વારા યોગ્ય રીતે કરવામાં નહીં આવે તો અડધાઅડધ વિશ્વમાં ખોરાક ઉત્પાદન ખોરવાઈ શકે છે. આ દાયકાના અંત સુધીમાં તાજાં પાણીના પુરવઠાની માગ 40 ટકા કરતાંય વધી જશે. અહેવાલમાં જણાવાયા અનુસાર ત્રીજા વિશ્વના મોટા ભાગના દેશો જળતંગીની સમસ્યાથી પીડિત છે. રોજેરોજ એક હજારથી વધુ બાળકો મોતને ભેટે છે, જેમાંનાં મોટા ભાગનાં ગરીબ અને શુદ્ધ પાણીથી વંચિત દેશોના હોય છે.

અહેવાલમાં એ બાબત પર ખાસ ભાર મૂકાયો છે કે પાણી અંગે હવે નવેસરથી વિચારવાની જરૂર છે. અત્યાર સુધી તેને અનંત માત્રામાં સુલભ એવા નૈસર્ગિક સ્રોત તરીકે જોવાતું હતું તેને બદલે હવે તેને વિશ્વભરનું કલ્યાણ કરનારા પરિબળ તરીકે જોવું રહ્યું.

જળસંકટની, જળપ્રદૂષણની, જળજાળવણીની વાતો જોરશોરથી થાય છે, પણ એ દિશામાં નક્કર પગલાં ભરવાની રાજકીય ઉદાસીનતા ઊડીને આંખે વળગે એવી છે. કોઈ દેશની સરકારે નક્કર નીતિઓ ઘડી હોય એવું જણાતું નથી. હા, પ્રદૂષણ અંગે આકરા કાનૂન છે, તેના ભંગ બદલ ભારે દંડ છે, પણ એટલું પૂરતું નથી. ઉદ્યોગો દ્વારા ઠલવાતા પ્રદૂષિત પાણીમાંથી 80 ટકા પાણીનો પુનઃઉપયોગ થતો નહીં હોવાનું આ અહેવાલમાં નોંધાયું છે. એ હકીકત તરફ પણ આંગળી ચીંધવામાં આવી છે કે જળપ્રણાલીઓનું આંતરજોડાણ હોવા છતાં વૈશ્વિક સ્તરે તેના સંચાલન કે વ્યવસ્થાપન માટે કોઈ વ્યવસ્થા ઊભી કરાઈ નથી.

સામાન્ય રીતે એવું જોવા મળ્યું છે કે પર્યાવરણને લગતી નીતિઓમાં નિયંત્રણો અવિકસિત દેશો પર લદાતાં હોય છે. વિકસિત દેશોએ નૈસર્ગિક સંસાધનોનો ઉપયોગ અને ઉપભોગ સૌથી વહેલો શરૂ કરી દીધો હોવાથી તેઓ ઉપદેશકારની ભૂમિકામાં આવી જાય છે. અવિકસિત દેશોમાં યોગ્ય વ્યવસ્થાપનનો તેમજ લાંબા ગાળાની નીતિઓનો અભાવ જોવા મળે છે, કેમ કે, ત્યાં નજર સામે દેખાતી સમસ્યાઓનો નિવેડો તાત્કાલિક ધોરણે લાવવાનું દબાણ હોય છે. આ ઉપરાંત સ્થાનિક રાજકારણ પણ તેમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

આ વિરાટ ચિત્રમાં આપણું વ્યક્તિગત સ્થાન એક ટપકાંથી વિશેષ નથી. આમ છતાં, વ્યક્તિગત સ્તરે આપણે પાણીનો વેડફાટ અટકાવી શકીએ તો એનું પ્રદાન નાનુંસૂનું નથી. એના માટે સરકારી નીતિની કે આયોજનની રાહ જોવાની જરૂર નથી.

(શીર્ષક પંક્તિઃ એન.ગોપી, અનુવાદઃરમણિક સોમેશ્વર)

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

આયુષ્યમાન કાર્ડ પર કૌભાંડો

અમદાવાદની ખ્યાતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં કોઈ પણ જરૂરી ન હોવા છતા પણ સરકારી યોજના હેઠળ આર્થિક લાભ લેવાના હેતુ 19 વ્યક્તિઓની એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરી જેના વિપરીત પરીણામે બે નિર્દોષ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા આ કૌભાંડના મુખ્ય આરોપી ડૉ.પ્રશાંત વજીરાણીની રિમાન્ડ અરજી અંગે રજુઆત કરતા સરકારી વકીલે જણાવ્યુ હતુ કે ફ્રી-કેમ્પ યોજીને દર્દીઓને હોસ્પિટલમાં આવવા જણાવ્યુ હતુ અને પછી આ કૌભાંડને અંજામ આપ્યો હતો. ગમખ્વાર અને સમજવા જેવો એ પ્રશ્ન ઉપસ્થીત થાય છે કે 19 દર્દીઓની ખ્યાતિ હોસ્પિટલમાં પીએમજેએવાય હેઠળ કેવી રીતે એપ્રુલ મેળવી? બીજી ઘટનામાં મહેસાણા જિલ્લામાં 20 કૌભાંડી હોસ્પિટલોને સરકારી યોજનાનો લાભ લઈ ગેરરીત આચરવાના મામલે નોટિસો અપાઈ છે અને જિલ્લા આરોગ્ય તંત્ર આવી હોસ્પિટલોનાં નામ જાહેર કરવાના મામલે ભેદી-મૌન ધારણ કર્યું છે. આવી સરકારી યોજનાઓનો અયોગ્ય લાભ લેવા હેઠળ ચાલતી તમામ હોસ્પિટલો સામે રાજ્ય સરકારે જાગૃત થઈને કડક કાર્યવાહી હેઠળ આવી તમામ હોસ્પિટલોના રજિસ્ટ્રેશન કાયમી ધોરણે રદ્દ કરવા જોઈએ જેથી ભવિષ્યમા નિર્દોષ વ્યક્તિઓએ જાન ગુમાવવી ન પડે!

સુરત - રાજુ રાવલ

રેગિંગકાંડ કલંક

રેગિંગકાંડનો ઈતિહાસ ખૂબ જૂનો છે. પણ એનું પરિણામ મૃત્યુ સુધી પહોંચી જાય એ આપણા સમાજ માટે અને વિદ્યાર્થીજગત માટે શરમજનક અને પીડાદાયક ઘટના કહેવાય. આ રેગિંગ મહત્ત્વે કોલેજોમાં અને હોસ્ટેલોમાં થાય છે અને મેડિકલ કોલેજ માટે આ એક ફેશન અને કોમન થઇ ગયું છે અને આનો વ્યાપ વધતો જાય છે. આ રેગિંગ કાંડ પર લગામ લગાવવી જોઈએ. નહીંતર વિદ્યાર્થીજગત આવા કોડ સાંભળીને ડિપ્રેશનમાં આવી જશે અને મેડિકલમાં એડમિશન લેવાનું વિચારવા પર બ્રેક લગાવશે. આ કૃત્ય કરનારને આજીવન કેદ અને આજીવન મેડિકલની ડીગ્રી ન મળે એવા એકશન લેવાની સખત જરૂર છે. આ ઘટના પછી મેડીકલમાં ભણતા છોકરાઓનાં મન થીજી ગયા છે અને એમનાં મા-બાપ પણ ચિંતામાં ડૂબી ગયા છે. આમ પણ મેડિકલમાં ભણવું કઠિન છે અને તેમાં રેગિંગનો ત્રાસ આ કાંડ પર જો ઠંડુ પાણી નાખીને પાછાં આવાં લોકોને મેડિકલમાં પ્રવેશ આપશો તો જ પરિવાર છોકરો ગુમાવ્યો છે એનો વિશ્વાસ ઊઠી જશે. તંત્ર પરથી અને લોકોનો પણ કાનૂન પરથી વિશ્વાસ ઊઠી જશે. આ રેગિંગકાંડ સંદતર બંધ થવું જોઈએ. કારણ આ સમાજ અને વિદ્યાર્થીજગત માટે કલંક છે.

સુરત - તુષાર શાહ

હું તો મરું ને તને વિધવા કરું?

હાલમાં જ અમેરિકાની ચુંટણી સંપન્ન થઈ. જેમાં રીપબ્લિકન પક્ષના ડોનાલ્ડ ટ્રમ્પ વિજેતા જાહેર થયા. કમલા હેરિસના ડેમોક્રેટિક પક્ષનો પરાજય થયો. હજુ એક દોઢ મહિના બાદ સત્તા હસ્તાંતરણ થશે. બીજી બાજુ રશિયા-યુક્રેન યુદ્ધ તો ચાલતું જ હતું, જેને તા.૧૯મી નવેમ્બર રોજ એક હજાર દિવસ પૂર્ણ થયા. આ યુધ્ધમાં અમેરિકા અને નાટો સંગઠન યુક્રેનને તમામ પ્રકારની સહાય આપતાં આવ્યા છે. હવે અમેરિકાએ યુક્રેનને તમામ શસ્ત્રો તો આપ્યા જ હતાં, લાંબા અંતરની મિસાઈલ પણ આપી હતી, પણ તેનો ઉપયોગ કરવા અમેરિકાની મંજૂરી જરૂરી હતી, જે આજ સુધી અમેરિકા આપતું નહોતું, હવે એ પરવાનગી આપી દીધી છે, અને બીજા જ દિવસે યુક્રેને રશિયા પર લાંબા અંતરની મિશાઈલથી હુમલો કરી દીધો. રશિયા વળતો હુમલો જરૂર કરશે? આ હુમલો કદાચ ત્રીજા વિશ્વયુદ્ધ તરફ લઈ શકે એવી પ્રબળ શક્યતા છે. જેવા સમાચાર આવ્યા કે યુક્રેન રશિયા પર હુમલો કર્યો, તરત જ શેરબજાર એની અસર જોવા મળી, ભારતીય શેર બજારના નિફ્ટી, સેન્સેક્સ અંકો નીચે આવવા લાગ્યા સાથે સાથે દુનિયાના શેર બજાર પર પણ અસર જોવા મળી. જ્યારે અમેરિકામાં ચુંટણી પ્રચાર ચાલતો હતો, ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પ પ્રચારમાં કહેતા હતાં, જો હું સત્તામાં આવીશ તો રશિયા યુક્રેન, ઈઝરાઈલ, લેબનોન, ઈરાન આ બધા યુદ્ધો સમાપ્ત કરાવીશ. હવે અમેરિકામાં ટ્રમ્પની